BUSINESS મિત્ર

નિફ્ટી 22550 પાર, હવે RBIની વ્યાજદર નીતિ પર રોકાણકારોની નજર

શેરબજારમાં બાઉન્સબેક: સેન્સેક્સ 472 પોઈન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: ભારતીય શેરબજારમાં સતત વેચવાલીને બ્રેક વાગી હતી અને સપ્તાહની શરૂઆતમાં સુધારા સાથે થઇ હતી. જેના લીધે નિફ્ટી 22550 પોઇન્ટની સપાટી કુદાવી હતી. ચાલુ સપ્તાહના અંતમાં રિઝર્વ બેન્કનો ઇન્ડિયાની આગામી નાણાકીય નીતિની બેઠકના પરિણામ પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. બજારના સહભાગીઓ વ્યાજદરોના ભાવિ માર્ગ પર સંકેતો માટે વૈશ્વિક ટ્રેઝરી યીલ્ડમાં હિલચાલ અને યુએસ ફેડરલ રિઝર્વના નીતિને ટ્રેક કરશે. સેક્ટર વાઇઝ જોઇએ તો એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પીએસયુ બેન્કના શેરમાં વધારો થયો હતો, જ્યારે ફાર્મા અને આઇટી શેરોમાં ઘટાડો નોંધાયો છે.

આરબીઆઇની બેઠકમાં વ્યાજદરો અંગેનો નિર્ણય ઉપર બજારની નજર રહેશે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ વખતે 7મીએ આરબીઆઇ ઓછામાં ઓછા 25 બેસીસ પોઇન્ટનો વધારો કરશે, તેમ નિષ્ણાતોનો મત છે. બીએસઇ સેન્સેક્સ 472.77 પોઇન્ટ એટલે કે 0.66 ટકા વધીને 72382.47 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73631 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71840 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 133.80 પોઇન્ટ એટલે કે 0.60 ટકા વધીને 22550 પોઇન્ટની સપાટી કુદાવીને 22555.75 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22621 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22397 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 263.35 પોઇન્ટ એટલે કે 0.48 ટકા વધીને 54714.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જીએસપીએલ ટ્રાન્સમીશનમાં 26.87 ગણા, પરસીસ્ટન્ટ સીસ્ટમમાં 8.22 ગણા, આઇટીસી લિ.માં 6.25 ગણા, ફેશન ઇ કોમર્સ-નાયકામાં 6.13 ગણા અને યુનો મિન્ડામાં 5.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે શીપીંગ કોર્પોરેશનમાં 14.7 ગણા, નુવામા વેલ્થમાં 8.83 ગણા, ભારતી હેક્ષાકોમમાં 5.92 ગણા, એલજી ઇલે.માં 4.29 ગણા અને એવન્યુ સુપરમાર્કેટમાં 4.23 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.38 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.31 ટકા સુધારો જોવાયો હતો.જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો છે. બીએસઇ ખાતે 2364 શેરો વધ્યા હતા, જ્યારે 2129 શેરો ઘટ્યા હતા અને 270 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ 1.80 ટકા વધ્યો હતો. જે છેલ્લા ચાર ટ્રેડિંગથી સતત ઘટતો જોવા મળ્યો હતો. જેમાં આઇટીસી, વરૂણ બેવરેજીસ, યુનાઇટેડ સ્પીરીટસ, કોલગેટ-પામોલીવ, ગોડફે ફિલિપ્સ, રેડિકો ખૈતાન, મેરિકો, ડાબર ઇન્ડિયા અને એચયુએલ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટાભાગના યુરોપિયન બજારો ઘટયા હતા, જેમાં સરકારી બોન્ડ યીલ્ડમાં વધારો થયો હતો, એનર્જીના ભાવો અને યુરોપિયના ભાગોમાં નાણાકીય પરિસ્થિતિ અંગેની ચિંતાઓએ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મુક્યો હતો.

રૂપિયામાં સાંકડી વધઘટ રહી

ફોરેક્સ બજાર

ડોલર	96.29 રૂ.
યુરો	108.19 રૂ.
પાઉન્ડ	126.64 રૂ.
યેન	0.6063 રૂ.

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે સાંકડી વધઘટે નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો બે પૈસા સુધરીને 96.29ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.19, પાઉન્ડ 126.69, કેનેડિયન ડોલર 67.33, ઓસ્ટ્રેલિયન ડોલર 67.40, જાપાનીઝ યેન 0.6084 અને સીંગાપોર ડોલર 75.22ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	472.77	72382.47
નિફ્ટી	133.80	22555.75
બેન્ક નિફ્ટી	263.35	54714.10

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	5.08	268.90
ટીએમપીવી	3.31	288.65
શ્રીરામ ફાઇનાન્સ	2.79	971.40
બજાજ ફાઇનાન્સ	2.29	970.00
ભારતી એરટેલ	2.23	1779.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેક્નો	3.31	1201.90
મેક્સ હેલ્થકેર	2.55	917.00
એચડીએફસી બેન્ક	2.27	704.80
અપોલો હોસ્પિટલ	1.83	7985.00
એશિયન પેઇન્ટસ	1.70	2366.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	4.49	268.55
ઇટર્નલ	2.50	321.35
ભારતી એરટેલ	2.38	1782.50
બજાજ ફાઇનાન્સ	2.28	971.00
એશિયન પેઇન્ટસ	2.13	1775.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેક્નો	3.69	1200.00
એચડીએફસી બેન્ક	1.99	705.00
સન ફાર્મા	1.55	1782.00
ઇન્ફોસીસ	1.50	1019.50
એશિયન પેઇન્ટસ	1.43	2371.85

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૨૦૦
એમ-30	૫૧૦૦
એસ-30	૫૦૦૦
ગુજરાત	
એમ-30	૪૯૦૦
એસ-30	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૫૪૦
તેજાબી સોનું	૧૫૨૪૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૯૧૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૪૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૫૪૦૦
ચાંદી (૯૯૯)	૨૩૦૨૦૦
ચાંદી સિક્કા	૨૩૧૭૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**				
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫	૭૫/૩૬ ’’	૧૫૦	-----	---
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫	૫૦/૩૬ ’’	૧૫૭	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૮/૩૬	૧૬૫.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	૧૦૦ ટેક્ષ	૧૬૧	૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫	૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

સુડોકુ ૩૪૬૬ ‘ક્રૂર’

૬	૫	૩	૪	૨	૯	૧	૮	
				૭	૧		૬	૪
૭		૪	૮	૫			૯	૩
૩		૧	૨	૬	૫			
		૨		૯		૩	૧	
				૪		૯		
	૮	૯	૬			૭		
	૭	૬	૫	૧	૪	૮	૩	
							૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિકુઠાર રસ

કૃમિકુઠાર રસની એકથી બે ગોળી, નાગરમોથના ઉકાળા સાથે આપવાથી સારું પરિણામ મળે છે.

શબ્દગુંફન - ૭૨૬૨

અરવિંદ એસ. મારૂ

૧	૨		૩	■	૪	૫		૬	■
■		■	૭	૮			■	૯	૧૦
૧૧		૧૨	■		■	૧૩		■	
	■	૧૪	૧૫		■			૧૬	
૧૭	૧૮	■		■	૧૯	■	૨૦		■
■	૨૧		■	૨૨		■			૨૩
૨૪		■	૨૫				■	૨૬	
	■	૨૭		■		■	૨૮		
૨૯	૩૦		■	૩૧		૩૨		■	
■		■	૩૩		■		■	૩૪	

આડી ચાવી
૧. અવલોકન, નિરીક્ષણ (૪)
૪. મા-બાપ (૪)
૭. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૯. શરીર (૨)
૧૧. સીતાના પિતા (૩)
૧૩. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૪. શુધ્ધ, પવિત્ર (૩)
૧૬.લાગ,પ્રસંગ(૨)
૧૭. હોડી, વહાણ (૨)
૨૦. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૧. કથા, કહાણી (૨)
૨૨. અંત, છેડો (૨)
૨૪. હાથી (૨)
૨૫. રડવા જેવું (૪)
૨૬. મસ્ત, ધરાયેલું (૨)
૨૭.રોષ,ગુસ્સો(૨)
૨૮. પાણી પીવાની ઇચ્છા (૩)
૨૯. ઝટ, એકદમ (૩)
૩૧. ડર,ત્રાસ (૪)
૩૩. શ્રીવિષ્ણુ (૨)
૩૪. બાઘું, મૂર્ખ (૨)

ઊભી ચાવી
૨. આંખ (૩)
૩. હોડી, વહાણ (૨)
૪. પશુ - પંખીમાં સ્ત્રી જાત (૨)
૫. સિંહ (૪)
૬. લીન, ડૂબેલું (૨)
૮. પ્રથા, રિવાજ (૩)
૧૦. મીઠું (૩)
૧૧. દુનિયા, વિશ્વ (૩)
૧૨. પ્યાલો (૨)
૧૫. મનોહર (૨)
૧૬. એક તેલી બી (૨)
૧૮. ધારો, પ્રથા (૩)
૧૯. જીતેન્દ્ર - ધર્મેન્દ્રની ફિલ્મ (૫)
૨૦. પૃથ્વી (૨)
૨૨. ઉપકાર (૨)
૨૩. જન્મદિવસ (૫)
૨૪. ભૂલભરેલું (૩)
૨૫. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૬. દૂધ દહીંની પોપડી (૨)
૨૭. પ્રકાર (૨)
૨૮. કિનારો (૨)
૩૦. છુટ્ટી, પરવાનગી (૨)
૩૧. હોડી (૨)
૩૨. કાંટો, વેર (૨)

[illegible]

આજનું પંચાંગ

તા. 06/10/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: વદ: અગિયારસ: 24:35, ઇન્દીરા એકાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-14
યોગ : સિધ્ધ **કરણ:** બવ
નક્ષત્ર : આશ્લેષા: 22:19 સુધીમાં જન્મેલાની આશ્લેષા શાંતિ કરાવવી
રાશિ: કર્ક (ડ,હ) 22:19 પછી સિંહ (મ,ટ)
દિવસ : એકાદશી શ્રાદ્ધ
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:21
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 24મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
રાહુ કાળ : બપોરે: 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ખેતીવાડી સાથે જોડાયેલ લોકોને પરેશાની અને આર્થિક ભીંસનો સામનો કરવાનું બને. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ,): મિડીયા સાથે જોડાયેલને લાભ થાય. લાંબી મુસાફરી થાય. નવા સાહસિક રોકાણ થાય. સ્વજનોનો સાથ મળે.

મિથુન (ક,છ,ઘ,): વાણી પર કાબૂ રાખવો. ઘરમાં આનંદમય વાતાવરણ રહે. લાગણી પર કાબૂ રાખવો. બીજાને મદદરૂપ બનશો.

કર્ક (ડ,હ,): સર્જનાત્મક કામની કદર થાય. પરિવારનો સાથ મળે. શુભ પ્રસંગમાં જવાનું બને. અટકેલા કામ પૂર્ણ થાય.

સિંહ (મ,ટ,): સ્વાર્થી લોકથી સાવધાન રહેવુ. ભૂતકાળની ભુલોનું પરિણામ પરેશાની વધારશે. આર્થિક બાબતે સાવધાન રહેવું.

કન્યા (પ,ઠ,ણ,): અપેક્ષિત કાર્ય પૂર્ણ થાય. આર્થિક લાભની યોજના પાર પડે. પ્રેમમાં વિશ્વાસ વધે. ઈર્ષાળુથી સાવધાન રહેવું.

તુલા (ર,ત,): નવા વેપારી સોદા પાર પડે. આર્થિક લાભ થાય. કામની ગુણવત્તાથી કદર થાય. નોકરીમાં જવાબદારી વધે.

વૃશ્ચિક (ન,ય,): ધાર્મિક પ્રવાસ અને સતસંગથી શાંતિ મળે. જોકે પ્રવાસમાં પરેશાની આવે તમારી મહેનતનું ફળ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આર્થિક ભીંસનો અનુભવ થાય. કોઇનો વિશ્વાસ કરવો નહી. સ્ત્રી વર્ગ સાથે કાળજીપૂર્વક વ્યવહાર કરવો.

મકર (ખ,જ,): અટકેલાં કામમાં ગતિ આવે. દાંપત્ય જીવનમાં તાલમેળ રહે. નોકરીમાં ટેકનોલોજીથી લાભ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): હરીફોથી સાવધાન રહેવું. સરકારી નોકરીમાં પ્રમોશન મળી શકે છે. તમારી સલાહ સાથીઓને મદદરૂપ બને.

મીન (દ,ચ,ઝ,થ,): સંતાનોના પ્રશ્નો હલ થાય. આવક વધે. નવા સામાજિક સંબંધો બને. અટકેલા કામ અને નાણાં બાબતે પ્રગતિ.

કોઈ પણ સાલમાં 06 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય રહે. આધુનિક ટેક્નોલોજી અને સરકારી નવી નીતિઓ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે અને જવાબદારી, દોડધામ અને કાર્યબોજ વધશે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય નરમ ગરમ રહે. વારસા, જયદાદ, જમીન વગેરે કામમાં વડીલોની મદદ મળે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં ચડતી-પડતી રહે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સ્ત્રી વર્ગ માટે મિશ્ર વર્ષ રહે. નોકરિયાતની અશાંતિ વધશે. નોકરી-ધંધા- સમાજ વેગેરે જગ્યાએ હરીફો વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે-સપ્ટેમ્બર, ઓક્ટોબર, શુક્ર-શનિવારે, 06, 15, 24 તારીખે નવા કામ કરવાં. સફેદ કે રંગેબેરંગી રંગનો ઉપયોગ વધારવો. જુલાઇ- ઓગસ્ટ, બુધવારે 01, 10, 19,28 તારીખે નવા કામ ટાળવો. ભૂરા રંગનો ઉપયોગ ઓછો કરવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

OPEC+એ ઉત્પાદન વધારવાનો કર્યો ઈનકાર

ક્રુડ ઓઇલમાં દૈનિક 20 લાખ બેરલનો કાપ યથાવત રહેશે, ક્રુડના ભાવ વધુ ઉછળવાની આશંકા

નવી દિલ્હી, તા. 5: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ક્રુડ ઓઇલના પુરવઠા મામલે ચિંતાજનક સમાચાર આવ્યા છે. મીડલ ઈસ્ટના યુદ્ધના માહોલ વચ્ચે ઓપેક પ્લસ એ નવેમ્બર મહિનામાં પોતાના ક્રુડ ઉત્પાદન કવોટામાં કોઇ જ વધારો ન કરવાનો નિર્ણય લીધો છે. જે દૈનિક 20 લાખ બેરલનો મોટો ઉત્પાદન કાપ યથાવત રાખશે. ખાડી દેશોમાંથી ક્રુડ ઓઇલની નિકાસમાં સામાન્ય સમયની સરખામણીએ 60થી 80 ટકા સુધીનો જંગી ઘટાડો નોંધાયો છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણ પુરવઠા પર ગંભીર આંચકો લાગ્યો છે.

રાજકીય અસ્થિરતાના કાણે ઓપેક પ્લસના સાત મુખ્ય ઉત્પાદક દેશો સાઉદી અરેબિયા, રશિયા, ઈરાક, કુવૈત, અલ્જેરિયા, કઝાકિસ્તાન અને ઓમાન પોતાની નિર્ધારિત ક્ષમતા કરતા ઘણું ઓછું ક્રુડ ઓઇલ બહાર કાઢી રહ્યા છે. ઓપેકના સત્તાવાર આંકડા અનુસાર, આ દેશોનું વર્તમાન ઉત્પાદન યુદ્ધની શરૂઆત પહેલાના સ્તર કરતા દરરોજ અંદાજે 50 લાખ બેરલ જેટલું ઓછું છે. જો કે, સંગઠને અગાઉ વર્ષ 2026 સુધીમાં ધીમે ધીમે ઉત્પાદન વધારીને પુરવઠો પુર્વવત કરવાની યોજના બનાવી હતી, પરંતુ ખાડી પ્રદેશમાં અંસાતિ અને યુદ્ધની પરિસ્થિતિના કાણે આ તમામ યોજનાઓ પર હાલ પુરતું પાણી ફરી વળ્યું છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વર્તમાન કટોકટીના કાણે હવે 2027 સુધી ક્રુડ ઓઇલના ઉત્પાદનમાં કોઇ મોટા વધારાની અપેક્ષા રાખવી મુશ્કેલ છે. ભવિષ્યમાં ઉત્પાદન ક્ષમતા વધારવા માટે આયોજિત સમીક્ષાઓ હાલ પુરતી મુલવતી રાખવામાં આવી છે. કારણ કે યુદ્ધના માહોલમાં આગામી પુરવઠાનો ચોક્કસ અંદાજ મેળવવો અશક્ય બન્યો છે. આ કાપના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં વધારો થઇ શકે છે. જેની સીધી અસર ભારત જેવા આયાત પર નિર્ભર દેશોમાં પેટ્રોલ-ડિઝલના ભાવ અને મોંઘવારી પર જોવા મળી શકે છે.

ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોના ભાવમાં 5થી 8 ટકાનો વધારો

ઊંચા ભાવ છતાં તહેવારોની મોસમમાં વેચાણનો પારો ઊંચો રહેવાનો દાવો; 2030 સુધીમાં માર્કેટ રૂ. 3-3.25 લાખ કરોડ થવાનો અંદાજ

મુંબઈ,તા. 5: દિવાળીની મોસમ પહેલા એર-કંડિશનર અને અન્ય ગ્રાહક ઉપકરણો 5-8 ટકા મોંઘા થઈ ગયા છે, પરંતુ ઉત્પાદકો હજુ પણ તહેવારોની માંગમાં મજબૂત રહેવાની અપેક્ષા રાખી રહ્યા છે કારણ કે ગ્રાહકો પ્રીમિયમ ઉત્પાદનો પસંદ કરે છે, જૂના ઉપકરણોને બદલે છે અને સરળ ધિરાણનો લાભ લે છે. ભાવમાં જોવાયેલો આ વધારો આ વર્ષે વધારાનો ત્રીજો રાઉન્ડ છે, જેમાં ઉત્પાદકો તાંબુ, એલ્યુમિનિયમ, સ્ટીલ અને ક્રૂડ ડેરિવેટિઝના ઉંચા ખર્ચ, વધતા નૂર ખર્ચ અને ચલણના વધઘટને કારણે ખર્ચમાં વધારો કરી રહ્યા છે. કિંમતોમાં ફેરફાર થાય તે પહેલાં ડીલરો દ્વારા ખરીદવામાં આવેલી પ્રોડક્ટ્સ દિવાળી સુધી ઉપલબ્ધ રહી શકે છે, જ્યારે નવી કિંમતોની મોટી અસર તહેવારોની સીઝન પછી જોવા મળે તેવી શક્યતા છે.

જીએસટી કાઉન્સિલની બેઠક હવે 8મીએ

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): જીએસટી કાઉન્સિલની 57મી બેઠક બીજી વખત પુનઃનિર્ધારિત કરવામાં આવી છે અને નવી તારીખ 8 ઓક્ટોબર છે. એક ઓફિસ મેમોરેન્ડમમાં, જીએસટી કાઉન્સિલ સચિવાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અનિવાર્ય સંજોગોને કારણે બેઠક પુનઃનિર્ધારિત કરવામાં આવી રહી છે. કાઉન્સિલની આ બેઠક અગાઉ 7 ઓક્ટોબરના રોજ યોજાવાની હતી. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં અને રાજ્યના મંત્રીઓનો સમાવેશ કરતી જીએસટી કાઉન્સિલ ગુરુવારે યોજાનારી બેઠકમાં રજિસ્ટ્રેશન, રિટર્ન અને રિફંડની પદ્ધતિમાં ફેરફારો અંગે ચર્ચા કરશે. તે જીએસટી વિવાદોને ઉકેલવા અને ઇનપુટ ટેક્સ ક્રેડિટના પ્રવાહને સુધારવા માટે નીતિગત સુધારાઓ પર પણ ચર્ચા કરશે, જેનો હેતુ પાલનનો સમય અને ખર્ચ ઘટાડવાનો છે.

સ્ટીમહાઉસ ઈન્ડિયાના પરિણામો ધમાકેદાર: લિસ્ટિંગ બાદ પ્રથમ ક્વાર્ટરમાં નફો 80% વધ્યો

સુરત, 6 ઑક્ટોબર, 2026: આજે સ્ટીમહાઉસ ઇન્ડિયા લિમિટેડે 30 જૂન, 2026ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોની જાહેરાત કરી. BSE અને NSE પર લિસ્ટિંગ બાદ કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા આ પ્રથમ નાણાકીય પરિણામો છે. Q1 FY27 દરમિયાન કંપનીએ સ્ટીમ બિઝનેસમાંથી 123.37 કરોડની આવક નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ 46.07%નો વધારો દર્શાવે છે. કંપનીનો EBITDA 60.08% વધીને 30.93 કરોડ રહ્યો, જ્યારે કર બાદનો નફો 18.34 કરોડ રહ્યો, જેમાં 80.25%નો વધારો નોંધાયો હતો. આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીના સ્ટીમ વોલ્યુમમાં 16.70%નો વધારો નોંધાયો હતો.

મોબાઈલ ટેરિફ પ્લાનમાં 15% સુધીના વધારાની તૈયારી

બજાર અનુકૂળ થતાં કંપનીઓ ભાવ વધારશે

નવી દિલ્હી, તા. 5: ભારતમાં મોબાઇલ રિચાર્જ અને અન્ય ટેલિકોમ સેવાઓ ફરી એકવાર મોંઘી થઇ શકે છે. એક રિપોર્ટ અનુસાર દેશની મોટી ટેલિકોમ કંપનીઓ આગામી 4થી 5 મહિનામાં મોબાઇલ ટેરિફમાં લગભગ 12થી 15 ટકાનો વધારો કરી શકે છે. જો આવું થાય છે તો મોબાઇલ યુઝર્સના માસિક રિચાર્જનો ખર્ચ ફરી એકવાર વધી શકે છે. સેન્ટ્રમ ઇન્સ્ટીટયુશનલ રિસર્ચના રિપોર્ટ મુજબ ટેલિકોમ માર્કેટમાં હવે થોડી મોટી કંપનીઓ જ સક્રિય છે.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

અઠવાલાઈન્સ શાખા : જવાહરલાલ નેહરુ માર્ગ, અઠવાગેટ પાસે, સુરત
ફોન : ૦૨૬૧-૨૬૬૦૧૩૮, ૨૬૬૭૩૫૧, ૨૬૬૯૫૬૫, ૨૬૫૫૨૦૭,
E-Mail : athwal@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી અમર અરૂણભાઈ રાઠોડ (દેવાદાર અને ગીરવેદાર)**, અને **શ્રીમતી શિતલ અમર રાઠોડ (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮/- (અંકે રૂા.અગિયાર લાખ ત્રેસઠ હજાર પાંચસો સાઈઠ અને અઠ્યાસી પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે તેમને મળેલ સત્તા હેઠળ વંચાણે લઈ **તારીખ ૦૧મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮** વત્તા તેના પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિતને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ક્રિષ્ણા રેસીડન્સી’ નો પ્લોટ નં. ૨૩૩, માપ ૫૩.૩૩ ચો.વાર એટલે ૪૪.૫૯ ચો.મી (પાસિંગ પ્લાન મુજબ માપ ૪૪.૬૫ ચો.મી), જમીન બ્લોક નં. ૪૯, માપ ૩૩૧૮૪ ચો.મી ગામ:અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત, ખાતે આવેલ છે. જેની ચર્તુદિશાઃ **પુર્વેઃ** જોડેનો પ્લોટ નં. ૨૫૬, **પશ્ચિમેઃ** જોડેનો રોડ, **ઉત્તરેઃ** જોડેનો પ્લોટ નં. ૨૩૨, **દક્ષિણેઃ** જોડેનો પ્લોટ નં. ૨૩૪.

તા.૦૧.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, અઠવાલાઈન્સ શાખા

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

અંકલેશ્વર જીઆઈડીસી શાખા : મસાલાવાલા શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, જીઆઈડીસી રોડ, નેશનલ હાઈવે નં. ૮, અંકલેશ્વર જીઆઈડીસી, અંકલેશ્વર-૩૯૩૦૦૨

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨, રૂલ ૮(૧)

(સ્થાવર મિલકત માટે)

આથી,

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઈ.ડી.સી શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૨), ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૬.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રી કાળુભાઈ મુળજીભાઈ થેસીયા (કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૫,૩૯,૭૪૫/- (રૂા. પાંચ લાખ ઓગણચાલીસ હજાર સાતસો પિસ્તાલીસ પુરા)** ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની લેણા રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા /જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩(૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૪.૧૦.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઈ.ડી.સી. શાખા** ના બાકી લેણા **રૂા. ૫,૩૯,૭૪૫/- (રૂા. પાંચ લાખ ઓગણચાલીસ હજાર સાતસો પિસ્તાલીસ પુરા)** ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસના બોજા સહિત રહેશે. (કલમ ૧૩(૨) ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી કાળુભાઈ મુળજીભાઈ થેસીયા ની માલિકીની મિલકત જે જમીનનો આર.એસ. નં. ૧૯૪/પી પૈકી, કોમર્શિયલ પ્લોટ નં. ૫૬૦૨-સી-૧ અને ૫૬૦૧-સી-૧૪, ક્ષેત્રફળ એરીયા ૧૧૪૪.૦૦ સ્કે.મીટર પૈકી, નવસર્જન ઈન્સ્યુ. કો. ઓપ. બેંક લી કોમ્પ્લેક્ષ પૈકી ગ્રાઉન્ડ ફલોર, દુકાન નં. ૧૧, ક્ષેત્રફળ એરીયા ૧૬.૭૨ સ્કે.મીટર, જે સ્થિત ગામ-ભડકોદરા, તાલુકા-અંકલેશ્વર, જિ. ભરૂચ ખાતે આવેલ સ્થાવર મિલકતના બિલ્ડીંગ સાથે.

ચતુરસીમા :
- **પુર્વે :** દુકાન નં. ૧૨ થી લાગુ
- **પશ્ચિમે :** દુકાન નં. ૧૫, રીપ્લાન દુકાન નં. ૯ અને ૧૦
- **ઉત્તરે :** દુકાન નં. ૮
- **દક્ષિણે :** ૧૬.૦૦ મીટરનો રસ્તો

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૦૪.૧૦.૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

DGVCL

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

ઉધના- ૩ ઈન્ડ પેટા વિભાગીય કચેરીની ઓફિસ સ્થાનાંતર બાબતની નોંધ

દક્ષિણ ગુજરાત વીજકંપની લિમિટેડની પાંડેસરા વિભાગીય કચેરીની તાબા હેઠળ આવેલ ઉધના-૩ ઈન્ડ પેટાવિભાગીય કચેરીના માનવંતા વીજગ્રાહકોને જણાવવાનું કે ઉધના-૩ ઈન્ડ પેટા વિભાગીય કચેરીની ઓફિસ સરનામું: પ્લોટનં એ/૪૩-૪૪, કાશીનગર ગેટનં:૪,તિરૂપતી કોમ્પ્લેક્ષ, પ્રમુખ ફરસાણની સામે, વેલકમ ચાર રસ્તા ઉધનાથી શિફ્ટ થઈ ઉધના-૧ પેટા વિભાગીય કચેરી,પહેલો માળ, પ્લોટ નં-૫૭,૫૮ ઈન્ડ. રોડ નં-૩,કાંતિલાલ ચુનીલાલની કંપનીની સામે, ઉધના ઉદ્યોગનગર, ઉધના,ખાતે સ્થાનાંતરિત કરેલ છે. જેની સર્વે માનવંતા ગ્રાહકોએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર, દ.ગુ.વી.કં.લિ, સુરત ઔદ્યોગિક વિભાગીય કચેરી

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

જુનુ સામાન
લેવામાં આવશે AC, ફ્રીઝ, વોશિંગ મશીન, 2 વ્હીલર, તથા અન્ય તમામ પ્રકારનું ઘર ઓફિસનું MO: 9316100413

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

જુના AC લેવામાં
આવશે ચાલુ કે બંધ હાલતમાં જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. MO. 9316100413

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ઓમશિવ ટ્રાવેલ્સ
નવરાત્રિ, 10 રાત્રે, અંબાજી, ચોટીલા, મોઢેરા, બહુચરાજી. દિવાળી, 10-નવેમ્બર (તિરૂપતી બાલાજી, રામેશ્વરમ, મલ્લીકાર્જુનેશ્વર, કન્યાકુમારી, મૈસુર) (સફેદરણ, ભુજ, માતાની મઢ, માંડવી) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

સાગર 9427113317
(ભાઈબીજ) ગોવા, મહાબળેશ્વર, (એરકન્ડિશન) સ્લીપીંગમાં રાજસ્થાન, જેસલમેર ટેન્ટમાં,

વ્યવસાયીક આરોગ્ય વિષયક

વજન ઘટાડો કે
વધારો- હવે મેળવો યોગ્ય માર્ગદર્શન વેલનેસ કોચ દ્વારા ફ્રી એક્સરસાઈઝ પણ મળશે. મો. 7859924460

મિલ્કત વેચવાની છે

ઘર વેચવાનું છે
સરગમ શોપીંગ સેન્ટરની પાછળ, પારલે પોઈન્ટ સુરત- ૩૯૫૦૦૭ M.no:- 9374450162, 6355364510 (348)

માઁ ખોડિયાર જ્યોતિષ
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિંલબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર- જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. Mo. 9687580001

NA Plan Pass
12 વિંધા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

माँ चामुडा ज्योतीष
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo.7862990838

ખેતી લાયક
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

2.15 વિઘા
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ Mo. 9687580001

અરજન્ટ
3 ફ્લેટ વેચવાના છે, 4000 સ્કેવરફીટ, એકદમ વ્યાજબી ભાવમાં, બીજા માળે, મીઠા પાણીની સગવડ 24 કલાક, કમ્પલીટ દસ્તાવેજી સંજોગવસાત વેચવાના છે 4 માળનું કોમર્શિયલ બિલ્ડીંગ રોડટચ વેચવાનું છે અથવા ભાડે આપવાનું છે. દલાલોએ તસ્દી લેવી વહેલા તે પહેલાના ધોરણે MO:- 9426152570 (349)

જોઈએ Plot,
Bunglow મોટા રોડ, પિપલોદ, વેસુ, સિટિલાઈટ, પાર્લે, ઘોડદોડ, અલથાણ, ભટાર 9227904488 (350)

નોકરી વિષયક

એકાઉન્ટન્ટ ની જરૂર
છે શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંચાલિત સુરત કન્યા છાત્રાલય, ઘોડદોડ રોડ માટે અનુભવી, એજ્યુકેટેડ, કોમ્પ્યુટર, એકાઉન્ટનુ અને ટેલી સૉફ્ટવેરનું નોલેજ ધરાવતી મહિલાની નિમણુક કરવાની છે. કામકાજ સમય 10 am to 6 pm. રસ ધરાવતી બહેનોએ સંપર્ક કરવો. 9327380600, 9374519723

અનુભવી ટેમ્પો ડ્રાઈવર
જોઈએ છે. લાઈસન્સ ધરાવનાર (હજીરા કંપનીમાં ડિલિવરી કરવા માટે પિકઅપ) 9909513636

જોઈએ છે
વાયરમેન હેલ્પર સ્ટ્રીટલાઈટ ના કામ માટે- 88667-76277

જોઈએ છે
ડીપ્લોમા / બીઈ ઈલેક્ટ્રીકલ લેડીઝ જેન્ટસ ફ્રેશ અનુભવ- ૯૮૨૪૧૧૨૬૬૩

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.